# જીલ્લા રમત ગમત અધિકારી દેવભૂમી દ્રારકા

જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ,દેવભૂમિ દ્રારકા (ખંભાલીયા)
મુ.જી.વી.જે. સરકારી હાઈસ્કુલ રૂમ નં. ૧૯ ખંભાલીયા ૩૬૧૩૦૫-
E-Mail: dsodevbhumidwarka14@gmail.com/dso-sycd-dwrk-@gujarat.gov.in

જા.નં/DSCC/DSO/KMK/આયોજન/૨૧૯૭ થી ૨૨૬૬/૨૦૨૫-૨૬ તા.:- ૨૨/૦૯/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓ તમામ,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
દેવભૂમી દ્વારકા જિલ્લો.

વિષય:- ખેલ મહાકુંભ - ૨૦૨૫ શાળાકક્ષા અને ગ્રામ્યકક્ષાનાં આયોજન બબાતે.
સંદર્ભ:- ૧) સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગરનાં તા.:૨૬/૦૮/૨૦૨૫નાં પરિપત્ર ક્રમાંક : એસએજી/ખેમકું ૨૦૨૫/૨૦૨૫-૨૬ અનુસાર.
૨) જીલ્લા રમત ગમત અધિકારી, દેવભૂમી દ્વારકાનાં તા.: ૨૬/૦૮/૨૦૨૫ નાં પરિપત્ર ક્રમાંક : જા.નં/DSCC/DSO/KMK/આયોજન/૨૦૨૫-૨૬

ગુજરાત સરકારશ્રીના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર અંતર્ગત સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગર હેઠળની જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, દેવભૂમી દ્વારકા દ્વારા સંચાલિત ખેલ મહાકુંભ - ૨૦૨૫ નું રજીસ્ટ્રેશન આયોજન સંદર્ભિત પત્ર - ૨ થી જાહેર કરેલ છે.

ખેલ મહાકુંભ-૨૦૨૫ અંતર્ગત શાળાકક્ષાએ યોજાનાર સ્પર્ધા તા.૨૪/૦૯/૨૦૨૫ થી તા.૨૬/૦૯/૨૦૨૫ દરમ્યાન તમામ શાળાઓએ ઉજવણી કરવાની રહેશે. ઉજવણી દરમ્યાન ૩૦મી. ૫૦મી. અને સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પની સ્પર્ધામાં શાળાના ૧૦૦% વિદ્યાર્થીઓ ભાગ લેવડાવાનો રહેશે. તેમજ શાળાકક્ષાએ થી શરૂ થતી કબડ્ડી, ખો-ખો, રસ્સાખેંચ, વોલીબોલ, એથ્લેટીક્સ સ્પર્ધાનું શાળામાં આયોજન કરી ખેલાડીઓ ભાગ લેવડાવાનો રહેશે.

| વયજુથ | તારીખ થી જન્મેલા |
|---|---|
| અંડર - ૯ | ૦૧/૦૧/૨૦૧૭ અને ત્યારબાદ જન્મેલા |
| અંડર - ૧૧ | ૦૧/૦૧/૨૦૧૫ અને ત્યારબાદ જન્મેલા |
| અંડર - ૧૪ | ૦૧/૦૧/૨૦૧૨ અને ત્યારબાદ જન્મેલા |
| અંડર - ૧૭ | ૦૧/૦૧/૨૦૦૯ અને ત્યારબાદ જન્મેલા |
| ઓપન વયજુથ | ૩૧/૧૨/૨૦૦૮ અને તે પહેલા જન્મેલા |
| અબવ - ૪૦ | ૦૧/૦૧/૧૯૬૬ થી ૩૧/૧૨/૧૯૮૫ દરમ્યાન જન્મેલા |
| અબવ - ૬૦ | ૩૧/૧૨/૧૯૬૫ અને તે પહેલા જન્મેલા |

**ખાસ નોંધ :**

**૧. ખેલ મહાકુંભ - ૨૦૨૫ ની તમામ સ્પર્ધામાં ઓનલાઇન રજીસ્ટ્રેશન કરેલ સ્લીપ અને જન્મ તારીખ પુરાવો સ્પર્ધા સ્થળે સાથે ફરજીયાત રાખવાનું રહેશે.**

**૨. સ્પર્ધામાં ભાગ લેવા માટે વય મર્યાદા નક્કી કરવા માટે કટ ઓફ ડેટ ૩૧/૧૨/૨૦૨૫ રહેશે.**

## શાળાકક્ષાએથી શરુ થતી સ્પર્ધાઓનો કાર્યક્રમ

| ક્રમ | રમતનું નામ | સ્પર્ધાની તારીખ |
|---|---|---|
| ૧ | કબડ્ડી | તા.૨૪/૦૯/૨૦૨૫ થી ૨૬/૦૯/૨૦૨૫ |
| ૨ | ખો – ખો | |
| ૩ | રસ્સાખેંચ | |
| ૪ | વોલીબોલ | |
| ૫ | એથ્લેટીક્સ | |

**નોધ : તાલુકાકક્ષા સ્પર્ધા અને જિલ્લાકક્ષા સ્પર્ધા ૦૬/૧૧/૨૦૨૫ થી ૩૦/૧૧/૨૦૨૫ દરમ્યાન યોજાનાર છે. જેનો વિગત વાર પરિપત્ર હવે પછી કરવામાં આવશે**

જે મુજબ શાળાકક્ષા એથી તાલુકાકક્ષાએ ભાગ લેવા અને તાલુકાકક્ષા એથી જિલ્લાકક્ષાએ ભાગ લેવા બાબતની વિગતો નીચે મુજબ છે. જેની દરેકે ખાસ નોંધ લેવી.

૧) શાળાએ થી તાલુકાકક્ષાએ વયજૂથ મુજબ વ્યક્તિગત રમતમા ૨(બે) ખેલાડીઓ ભાગ લેશે.
૨) શાળાકક્ષાએ થી તાલુકા કક્ષાએ ટીમ રમતમા વયજુથ મુજબ એક શાળામાથી ૧(એક) ટીમ ભાગ લઈ શકશે.
૩) તાલુકા કક્ષાએ થી જિલ્લા કક્ષાએ વ્યક્તિગત રમતમા પ્રથમ અને દ્વિતીય ક્રમ વિજેતા ખેલાડી ભાગ લઈ શકશે.
૪) તાલુકા કક્ષાએ થી જિલ્લા કક્ષાએ ટીમ રમતમા પ્રથમ અને દ્વિતીય ક્રમ વિજેતા ટીમ ભાગ લેશે.
૫) સીધી જિલ્લા કક્ષાની ટીમ રમતમા એક શાળા માથી વયજુથ મુજબ એક(૧) ટીમ ભાગ લઈ શકશે.
૬) સીધી જિલ્લાકક્ષાની સ્પર્ધામા વયજૂથ મુજબ વ્યકતીગત રમતમા એક શાળામાથી બે(૨) ખેલાડીઓ ભાગ લઈ શકશે.
૭) સીધી જિલ્લાકક્ષાની સ્પર્ધામા વ્યકતીગત રમતમાં વયજૂથનાં વજનગૃપ(કરાટે, કુસ્તી, ટેકવોન્ડો, વગેરે) મુજબ એક શાળામાથી બે(૨) ખેલાડીઓ ભાગ લઈ શકશે.
૮) સીધી જિલ્લાકક્ષાની રેકેટ (બેડમીન્ટન, લોન ટેનીસ, વગેરે)રમતમા એક શાળા માથી પાંચ(૫) ખેલાડીઓ ભાગ લઈ શકશે.
૯) શાળાએ થી તાલુકાકક્ષા અને તાલુકાકક્ષાએ થી જિલ્લા કક્ષાએ યોગાસન અને ચેસ રમતમા પાચં(૫) ખેલાડીઓ ભાગ લેશે.
૧૦) અં.:૦૯ અને અં.:૧૧ માં શાળા એથી તાલુકાકક્ષાએ પાંચ(૫) ખેલાડીઓ ભાગ લઇ શકશે.
૧૧) અં.:૯ અને અં.:૧૧ માં તાલુકાકક્ષાએથી જિલ્લાકક્ષા એ પ્રથમ આઠ(૮) ખેલાડીઓ ભાગ લઇ શકશે.

**(એચ. કે. પ્રજાપતિ)**
**જિલ્લા રમત વિકાસ અધિકારી**
**દેવભૂમી દ્વારકા**

(બી.જે. રાવલિયા)
જિલ્લા રમત ગમત અધિકારી
દેવભૂમી દ્વારકા

**ખાસ નોંધ :** ખેલ મહાકુંભ – ૨૦૨૫ નાં આયોજનનાં નવા વિગતવાર પરિપત્ર જો કોઇ પણ સુધારો આવશે તો તે સુધારો હવે પછીથી જણાવવામાં આવશે અને તે જ સુધારો માન્ય રાખવાનો રહેશે.

નકલ રવાના શાળાઓને જાણ કરવા સારુ :-

૧) તાલુકા પ્રાથમીક શિક્ષણાધિકારીશ્રી, તામામ, દેવભૂમી દ્વારકા.
૨) બી.આર.સી. કો-ઓર્ડીનેટર, તમામ, દેવભૂમી દ્વારકા.
૩) સી.આર.સી. કો-ઓર્ડીનેટર, તમામ, દેવભૂમી દ્વારકા.
૪) માન્ય તાલુકા/જિલ્લાકક્ષાનાં રમત મંડળ, તમામ, દેવભૂમી દ્વારકા.

**સવિનય નકલ રવાના:-**

૧) માન. કલેક્ટરશ્રી અને અધ્યક્ષશ્રી, ખેલમહાકુંભ જિલ્લાકક્ષા અમલીકરણ સમિતિ – દેવભૂમી દ્વારકા.
૨) માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, દેવભૂમી દ્વારકા.
૩) માન. સચિવશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર.
૪) માન. આસીસ્ટન્ટ ડાયરેક્તરશ્રી (ફાયનાન્સ), સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર.
૫) માન. આસીસ્ટન્ટ ડાયરેક્તરશ્રી (યોજના), સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર.
૬) માન. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને સભ્યશ્રી, ખેલ મહાકુંભ જિલ્લાકક્ષા અમલિકરણ સમીતી- દેવભૂમી દ્વારકા.
૭) માન. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને સભ્યશ્રી, ખેલ મહાકુંભ જિલ્લાકક્ષા અમલીકરણ સમિતિ- દેવભૂમી દ્વારકા.
૮) માન. નાયબ માહિતી નિયામકશ્રી, દેવભૂમી દ્વારકા.(વિના મુલ્યે સ્થાનિક વર્તમાનપત્રમાં પ્રકાશિત કરવા અર્થે)